દ્વિતીય છાત્રાલય સંમેલન

[સોમવાર તા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૨૮]

પ્રમુખ

શ્રી૦ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનું

ભાષણ

અમરેલી

પ્રકાશક:
ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ
છાત્રાલય સંમેલન, અમરેલી

મુદ્રક: સ્વામી આનંદ,
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ.

ભાઇઓ અને બહેનો,

છાત્રાલય સંમેલનની કલ્પના ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના જેટલી જ જૂની છે. શ્રી. જગજીવનદાસભાઇના શુભ સંકલ્પનું તે ફળ છે. વઢવાણની રાજકીય પરિષદના અરસામાં સંમેલનની કલ્પનાએ કંઇક મૂર્ત સ્વરૂપ પકડ્યું. પ્રથમ વિચાર તો વિદ્યાપીઠ તરફથી જ છાત્રાલય સંમેલન ભરવાનો હતો. પણ અનેક કારણસર એ વાત રહી ગઇ. સત્યાગ્રહાશ્રમમાં પણ હું સંમેલનને બોલાવી ન શક્યો. અમારો ઉદ્દેશ પ્રથમ સંમેલનના પ્રમુખ તરીકે શ્રી. નાનાભાઇને નીમવાનો હતો. છાત્રાલયોનો પ્રશ્ન જેટલો એમણે પોતાનો કર્યો છે તેટલો આખા ગુજરાતમાં બહુ જ થોડા લોકોએ કર્યો હશે. શ્રી. મોતીભાઇ અને નાનાભાઇના નામ સાથે મૂકી શકાય એવું ત્રીજું નામ હોય તો તે હું જાણતો નથી.

પણ બન્યું એવું કે નાનાભાઇને સંમેલન પોતાને ત્યાં બોલાવવું પડ્યું, અને શ્રી. રામનારાયણભાઇને પ્રથમ પ્રમુખનું માન મળ્યું. જૂનું વચન પાળવા ખાતર મારે આ વર્ષે પ્રમુખપદ સ્વીકારવું પડ્યું, એટલે આ વર્ષે પણ નાનાભાઇ રહી ગયા. તેમ છતાં આપણે સૌ જાણીએ છીએ કે સંમેલનના બુદ્ધિદાતા અને વિઘ્નહર્તા શ્રીગણેશ તો નાનાભાઇ જ છે. તેમની દૃષ્ટિ, તેમનો અનુભવ અને તેમની કુશળતા આપણી મદદમાં છે, એટલે આપણે નિશ્ચિંત થઇ શકીએ છીએ.

છાત્રાલય સંમેલનના પ્રમુખ તરીકે મને પસંદ કરવા માટે હું આપ સૌનો અને ખાસ કરીને ભાઇશ્રી જગજીવનદાસનો અત્યંત આભારી છું. છાત્રાલયો વિષેનો મારો અનુભવ સળંગ દીર્ઘકાળનો જરાયે નથી. જે છે તે તૂટક પણ વિવિધ છે. છતાં આપે પ્રેમપૂર્વક મને સંભાર્યો એ આપનું માયાળુપણું સૂચવે છે. એ માયાનો બદલો આ સમાજને કષ્ટ આપીને વાળવાનું મારા ભાગ્યમાં ન રહે એમ હું પ્રભુ પાસે યાચું છું.

આજે આપણે મુખ્યત્વે સમાજમાં છાત્રાલયનું સ્થાન એ જ વિષય ચર્ચવાના છીએ. પ્રાચીન કાળમાં વિદ્યાર્થીઓ ગુરુના ઘરમાં જઇને રહેતા, તેની સેવા કરતા, તે ભણાવે તેટલું ભણતા, અને તેની રજા લઇ ઘેર પાછા જતા, એ વિષેનાં વર્ણનો છે. આવી ગુરુકુળની પ્રથા સાચેસાચી હતી કે ફક્ત એ કલ્પના જ છે એવી શંકા ઉઠાવનાર લોકો પણ પડ્યા છે. પણ ઉપનિષત્કાલીન ઋષિઓની પ્રાર્થનાઓ, ઉપદેશો અને કથાપ્રસંગો એટલાં બધાં સ્પષ્ટ અને વસ્તુસ્થિતિનાં સૂચક છે કે એ વિષે શંકા રહેતી નથી. સ્મૃતિગ્રંથોમાં શિષ્યને હાથે ગુરુગૃહમાં થતા અપરાધોનું પ્રાયશ્ચિત્ત વિગતવાર આપેલું છે, તે ઉપરથી પણ ગુરુગૃહવાસની પ્રથા એક કાળે આ દેશમાં પ્રચલિત હતી એ નિર્વિવાદ સિદ્ધ થાય છે. દસ દસ હજાર વિદ્યાર્થીઓનું ભરણપોષણ કરી તેમને વિદ્યા આપનાર કુલપતિઓ આ દેશમાં હતા એમ કુલપતિ શબ્દની વ્યાખ્યા પરથી જણાય છે. જોકે શાકુંતલના શાન્ત વાતાવરણમાં હજારો વિદ્યાર્થીઓ રહેતા હોય એમ માન્યામાં આવતું નથી. નાલંદા, તક્ષશિલા ઇત્યાદિ વિદ્યાપીઠોમાં છાત્રો ગુરુ સાથે જ રહેતા હતા એ વાત ઇતિહાસસિદ્ધ છે. તેમાં સંસારવિમુખ તપસ્વીઓ વધારે હતા કે ગૃહસ્થાશ્રમની તૈયારી કરનાર બ્રહ્મચારીઓ વધારે હતા એ આજે જાણવું મુશ્કેલ છે. બંગાળમાં નવદ્વીપ, ઉત્તરમાં કાશી, મધ્યદેશમાં અવંતી, મહારાષ્ટ્રમાં પ્રતિષ્ઠાન, અને દક્ષિણમાં કાંચી એવાં એવાં મધ્યયુગીન વિદ્યાપીઠો વિષે માહિતી મળે છે. પણ તેમાં વિદ્યાર્થીઓ ગુરુની સીધી દેખરેખ તળે રહેતા એ વિષે ખાતરી નથી. આજે પણ વારાણસીમાં કેટલાયે વિદ્યાર્થીઓ જ્યાં

જગા મળે ત્યાં રહે છે, અન્નછત્રોમાં જમે છે, અને પોતાને અનુકૂળ અધ્યાપકો શોધી, તેમને ઘેર જઇને ભણે છે. વિદ્યાર્થીઓ પર સામાન્ય જનસમાજનો જે કંઇક સામાજિક અંકુશ રહી શકે તેના કરતાં વધારે દેખરેખ વિદ્યાર્થીઓ પર રહે જ છે એમ નથી. બનારસમાં કેટલાક વિદ્યાર્થીઓનું સ્વતંત્ર જીવન જોઇ હું તો હેબતાઇ જ ગયો છું. એવા જ એક પ્રાચીન વિદ્યાર્થીએ પોતાના નિરંકુશ જીવનનો ચિતાર એક અનુષ્ટુભમાં ભયાનક રીતે આપ્યો છે:

प्रपायां पीयते वारि सत्रागारेऽपि भुज्यते ।
सुप्यते देवसदने . . . . . ॥

બેજવાબદાર જીવનમાંથી બીજું શું નીકળે? સંસ્કારવિહીન માણસ મફતનું ખાય અને છતાં ચારિત્રભ્રષ્ટ ન થાય તો અધ્યાત્મ-શાસ્ત્ર જૂઠું પડે.

વિદ્યાર્થીઓ કાં તો માબાપ કે સગાંવહાલાં પાસે રહે, અથવા કુમળી દશામાં તેમને સાચવી શકે એવા ગુરુઓની દેખરેખ તળે રહે, એ યોગ્ય છે. બીજી કોઈ પણ વ્યવસ્થા પરિણામે હિતકર નથી. જે વિદ્યા આપે છે તેની જ દેખરેખ વિદ્યાર્થીઓ પર રહે તો તે ઉભયપક્ષે શ્રેયસ્કર છે. પણ આજના જમાનામાં, ‘વિદ્યાર્થીઓ વિદ્યા ભલે ગમે ત્યાંથી લે, એમને ફક્ત સાચવવાનું કામ અમે કરીશું’ એ જાતનો શ્રમવિભાગ કરનારી સંસ્થાઓ ઉભી થઇ છે. એવો શ્રમવિભાગ યોગ્ય છે કે કેમ એ આપણે તપાસવાનું રહે છે.

ઘર એ ઈશ્વરનિર્મિત સનાતન સંસ્થા મનાય. એને તોલે આવે એવી એકે સંસ્થા આજ સુધીમાં આપણે ઉભી કરી શક્યા નથી. કુટુંબોને જ્યારે આપણે સંસ્કારસંપન્ન કરીશું, કૌટુંબિક આદર્શને પહોંચી વળીશું, ત્યારે જ કુટુંબ કરતાં મોટી કે વિશાળ સંસ્થા ચલાવવાની શક્તિ આપણામાં આવશે. આજે આપણે કુટુંબો ચલાવી શકતા નથી, જૂના કાળમાં કેળવેલી સ્થૂળ સંસ્કારિતા પણ ટકાવી શકતા નથી, તે કારણે છાત્રાલય જેવી સંસ્થાઓ કાઢવા બેઠા છીએ, તેથી જ બધી મુશ્કેલીઓ ઉત્પન્ન થાય છે. જે જન્મ દે તે જ પ્રાથમિક સંસ્કારો આપે એ સ્વાભાવિક નિયમ છે.

આપણો જીવનવ્યવહાર જો સંતોષમૂલક હોત તો એ આદર્શ આપણે સહેજે શક્ય કરી શક્યા હોત. દરેક માબાપ જો એમ નક્કી કરે કે 'ઉદરનિર્વાહ જોગું મેળવીને સન્તોષ માનીશું, ઝાઝી કમાણીનો લોભ નહિ રાખીએ, અને આમ કરીને જેટલી નવરાશ મેળવી શકાય તે બધી પોતાના સંસ્કાર સુધારવા પાછળ, એ સંસ્કારો બાળકોમાં રેડવા પાછળ, અને આવશ્યક તેટલી સમાજસેવા કરવા પાછળ ગાળીશું,' તો કેળવણીનો સવાલ જ નહિ પણ સમાજના કેટલાયે સવાલો એની મેળે ઉકલશે. બાળકોની સોળ વરસ સુધીની કેળવણી એમને માબાપ અને સગાંવહાલાં પાસેથી જ મળે એ જાતની સમાજવ્યવસ્થા કલ્પવી અશક્ય નથી. પણ આપણે કુટુંબ-સંસ્થા વિષે અશ્રદ્ધાળુ થયા છીએ. ચકલોચકલી અને તેમનો માળો એ સંકુચિત દશામાંથી ઉગરી જઇ આપણે આર્ય લોકોએ મોટાં-મોટાં સંયુક્ત કુટુંબો રચ્યાં અને ચલાવ્યાં; અને તેમ કરતાં અનેક કિંમતી સામાજિક સદ્‌ગુણો કેળવ્યા. એ સદ્‌ગુણોને જોરે જ આપણે મોટીમોટી ન્યાતો બાંધી, અને તે દ્વારા સામાજિક પુરુષાર્થ સાધ્યો. આવી અનેક ન્યાતોને વર્ણાશ્રમવ્યવસ્થામાં સંગઠિત કરી આપણે વિરાટ હિંદુ સમાજ ઉભો કર્યો, અને તે દ્વારા ચતુર્વિધ પુરુષાર્થનો ઉત્કર્ષ બતાવ્યો. આ બધું શક્ય થયું એનું મૂળ કારણ ત્યાગ, ક્ષમા, પરાક્રમ, પવિત્રતા, આત્મવિલોપન, ઇત્યાદિ કૌટુંબિક સદ્‌ગુણો છે. એ સદ્‌ગુણોનો નાશ પરરાજ્ય આવવાથી થયો એમ માનવા કરતાં, પ્રથમ એ સદ્‌ગુણોનો નાશ થયો, તેથી સમાજ શિથિલ થયો, અને ત્યારપછી જ પરરાજ્યો આવ્યાં, એમ કહેવું વધારે વ્યાજબી છે. આજે આપણી પડતી સૌને સાલે છે. પણ આપણી રાષ્ટ્રીય મૂડી જે કૌટુંબિક સદ્‌ગુણો, તે પાછા આણવાનો પ્રયત્ન કર્યા વગર બીજા અનેક ઉપાયોથી સમાજને સુધારવાનાં ફાંફાં આપણે મારતા આવ્યા છીએ. આપણે લોભમાં પડ્યા છીએ કે એવી કંઇક યુક્તિ શોધી કાઢીશું જેથી બે ને બે મળીને પાંચ કરીશું, વાવ્યા વગર લણીશું, અને રાંધ્યા વગર જમીશું.

સંસ્કારોની કેળવણી આપણે ઘરમાંથી કાઢી શાળાઓને સોંપી. પરિણામે ઘરના છોકરાઓને પણ ઘરમાંથી કાઢી શાળાઓમાં રહેવા મોકલવા પડ્યા. આજની દરેક સંસ્થા કુટુંબસંસ્થાને

તોડવા મથે છે. ઈશ્વરનિર્મિત કુટુંબસંસ્થા પર અશ્રદ્ધા રાખી આપણે અસંખ્ય સંસ્થાઓ ઉત્પન્ન કરીએ છીએ, અને તેમના પર આંધળો વિશ્વાસ રાખીએ છીએ. હોટેલો, વીશીઓ, ઇસ્પિતાલો અને વકીલોની પેઠે છાત્રાલયો પણ કુટુંબસંસ્થાને નબળી પાડવાનું જ કામ કર્યાં કરે છે. સોલજરો જેમ બરાકોમાં રહે છે તેમ છોકરાઓને જમવારહેવાની સવડ કરી આપવી એ કામ અઘરૂં નથી. એવી સંસ્થાઓ મારફતે છોકરાઓના મગજમાં અમુક જાતની માહિતી ભરી શકાય, છોકરાઓ માટે જમવા રહેવા રમવાની સગવડ કરી શકાય, અને બધી ઇંદ્રિયોની અમુક કવાયત પણ કરાવી શકાય. પણ એ કેળવણી ન થાય. એકલી શાળા લો, એકલાં છાત્રાલયો લો, અથવા બંનેની સંયુક્ત સંસ્થા લો, એમના શિક્ષકો, આચાર્યો અને ગૃહપતિઓમાં જો કૌટુંબિક સદ્‌ગુણો ન હોય તો બધું એળે જવાનું. જવાનું શું, આપણે જતું જોઇએ છીએ! કૌટુંબિક સદ્‌ગુણોના નાશથી આપણો સમાજ અધોગતિએ જાય છે એ તરફ આપણે બધા જ આંધળા થયા છીએ, તેથી ગમે તેવી કેળવણી અને ગમે તેવાં છાત્રાલયોથી આપણે ચલાવી લઇએ છીએ.

આપણા સમાજમાં કૌટુંબિક વૃત્તિ અને ન્યાતપરતંત્રતા પૂરતા પ્રમાણમાં છે, પણ તે કંઇ સામાજિક સદ્‌ગુણો ન ગણાય. પામરતામાંથી પણ કેટલીક વૃત્તિઓ ઉદ્‌ભવે છે જે ઉપરઉપરથી સદ્‌ગુણો જેટલી જ રૂપાળી દેખાય છે. પણ પ્રસંગ પડચે એનું મૂલ્ય બરાબર જણાઇ આવે છે. આજની આપણી ન્યાતવૃત્તિ કે કૌટુંબિક વૃત્તિની પાછળ પ્રેમના ઐક્ય અને આત્મસમર્પણના કરતાં એકબીજાનો આધાર લેવાદેવાનું જ વધારે છે. જેમનામાં આત્મવિશ્વાસ નથી, પરાક્રમ નથી, પૌરુષ નથી એવા લોકો ટોળાં બાંધીને રહે એમાં આર્ય સદ્‌ગુણો નથી. એવા લોકો અણીને પ્રસંગે એકબીજાને પણ દગો દેવા તૈયાર થવાના અને સંકુચિતમાં સંકુચિત સ્વાર્થ શોધવના. આપણો આજનો વેપાર એ જ કારણસર તૂટી પડ્યો છે. અને આપણું રાજકારણ પણ એ જ કારણે નબળું પડ્યું છે. એવી જ મનઃસ્થિતિને કાયમ રાખી આપણે ગમે તેટલી સંસ્થાઓ કાઢીએ તોયે શું? એના એ જ દોષો જ્યાં ત્યાં

નંડવાના. આપણે શાળાના અધ્યાપકો અને છાત્રાલયના ગૃહપતિઓ નીમતી વખતે તેમનામાં સામાજિક સદ્‌ગુણો કેટલા પ્રમાણમાં છે એ શું બરાબર તપાસતા આવ્યા છીએ? તે ક્યાં સુધી ભણ્યો છે, નાણાંની ઉચાપત ન કરવા જેટલો પ્રામાણિક છે કે નહિ, અસંતોષ ઉત્પન્ન કર્યા વગર વિદ્યાર્થીઓને કાબુમાં રાખી શકે એવો છે કે કેમ, એટલું જોઈ લીધું એટલે બસ થયું એમ આપણા ઉત્તમમાં ઉત્તમ લોકો માને છે. તેથી જ ગૃહપતિ પરણેલો હોય કે અપરિણીત, એવા નિરર્થક સવાલોની ચર્ચામાં આપણે ઉતરીએ છીએ.

છાત્રાલયનો સવાલ ચર્ચતા પહેલાં એક મહાન વ્યાપક સવાલ છેડવાની જરૂર છે. કુટુંબ, સંયુક્ત કુટુંબ અને ન્યાત એ ત્રણે સંસ્થા લોહીના સંબંધ પર બાંધેલી છે, લગ્નસંબંધ પર રચાયેલી છે. ત્રણેને યૌન સંસ્થા કહી શકાય. આથી જુદી, વિચાર, આચાર, સંસ્કાર અને આદર્શ ઉપર રચાયેલી એવી આધ્યાત્મિક સંસ્થાઓ સ્થાપન કરી શકાય કે કેમ, અને રચાય તો તે યૌન સંસ્થા કરતાં વધારે હિતકર નીવડે કે કેમ? આપણા સાધુઓના અથવા જેસ્યુઇટ મીશનરીઓના અખાડાઓ, બૌદ્ધ સંઘો અને જૈન ગચ્છો એ આવા પ્રયોગો ગણાય. ગુરુકુળો અને છાત્રાલયો એ અમુક મુદતને માટે એવો જ પ્રયોગ કરનારી સંસ્થાઓ છે. યૌન સંબંધથી આગળ જઇ આવા આધ્યાત્મિક સંબંધ બાંધવાની શક્તિ માણસજાતમાં છે, તેથી આવી સંસ્થાઓ યશસ્વી કરવાનો પ્રયત્ન માણસજાતે વિશેષ ચીવટપૂર્વક કરવો જોઇએ. કુટુંબો ચલાવતાં ચલાવતાં હારીને કાઢેલી સંસ્થા તરીકે નહિ, પણ માનવી શક્તિને કુટુંબ સંસ્થા અધૂરી અથવા સંકુચિત પડવાથી સ્થાપન કરેલી સંસ્થાઓ તરીકે આપણે આધ્યાત્મિક સંબંધવાળા પ્રયોગો કરવા જોઇએ. એવા આદર્શથી જ આજના જમાનામાં આશ્રમો ચલાવવાનો પ્રયોગ શરૂ થયો છે એમ કહી શકાય.

કૌટુંબિક પદ્ધતિથી ઉતરતા દરજ્જાની સંસ્થાઓ જો કાઢવી પડે તો તે નછૂટકે, અપરિહાર્ય સમજીને કાઢવાની રહેશે;

અને બનતી ઉતાવળે તેમનું કાર્ય પૂરૂં કરી કુટુંબસંસ્થાને પુનર્જીવન આપવાનું રહેશે. કુટુંબ કરતાં ઉતરતા દરજ્જાની સંસ્થાઓ સ્થાયી કરવી પડે તો તેમાં સમાજની નામોશી છે. કુટુંબ કરતાં ચઢતા દરજ્જાની, ઉપલા પગથિયાંની સંસ્થાઓ કાઢવી અઘરી છે; પણ તે જ ચિરસ્થાયી થવાને લાયક છે.

એટલે હવે આપણે એ નિર્ણય પર આવ્યા છીએ કે છાત્રાલયો હોય કે આશ્રમો હોય, તેમાં ઓછામાં ઓછું વ્યવસ્થિત કુટુંબ જેટલા સદ્ગુણોની તૈયારી હોવી જ જોઇએ. કુટુંબને લાગુ પડતા ઘણાખરા નિયમો આવી સંસ્થાને લાગુ પડવા જોઇએ. આવા કેટલાક નિયમો આપણે અહીં જોઈ જઇશું. કુટુંબમાં સરકારી ખાતાં જેવાં ચોકસ ધારાધોરણ નથી હોતાં, છતાં કંઇક વ્યવસ્થા તો હોય જ છે. એનો પાયો પરસ્પર અણવિશ્વાસ પર રચાયેલો નથી હોતો. પરસ્પર વિશ્વાસ અને શ્રદ્ધા વગર સાચું કુટુંબ સંભવતું જ નથી. અમુક હદની એકબીજા પ્રત્યેની ઉચ્ચ લાગણી હોય તો જ વિશ્વાસ અને આદર હોઈ શકે. અને તેમ હોય ત્યારે જ ધારાધોરણ વગર ચાલી શકે. કુટુંબમાં બધાંનું ધ્યાન કરકસર તરફ હમેશ જાગૃત રહે છે, કેમકે બધાંને થાય છે કે બેદરકારીને લીધે જે નુકસાન થાય તે આપણું દરેકનું પોતીકું નુકસાન છે. સંસ્થામાં પણ એમ જ થવું જોઇએ. કુટુંબમાં જીવનના અનેક સવાલોનો ઉકેલ અમુક રીતે જ આવી શકે એ વિષે કુટુંબ બધું લગભગ એકમત હોય છે. એટલે કે બધાં કુટુંબીઓનો આદર્શ અમુક હદ સુધી સરખો હોય છે, અને તેની પાછળ વિશિષ્ટ વ્યક્તિના ચિંતન અને અનુભવની છાપ હોય છે. સંસ્થામાં પણ તેમ જ હોવું જોઇએ, અને એવી છાપ પાડનાર વ્યક્તિ સત્તાની રૂએ નહિ પણ ઉદાર મન, ત્યાગ અને અનુભવના કારણે આવો અધિકાર ભોગવતી હોવી જોઇએ. કુટુંબમાં કોઇની સત્તા વ્યાખ્યાપૂર્વક નિયમિત કરેલી નથી હોતી. દરેકની શક્તિ–વૃત્તિ પ્રમાણે એ વ્યવસ્થા એની મેળે ગોઠવાઇ જાય છે. સંસ્થામાં એ રીતે થઇ શકતું હોય તો જ સંસ્થા વગરખટકે ચાલી શકે છે. એ પણ તો જ સંભવે જો સૌના મનમાં એકબીજા પ્રત્યે પ્રેમ અને આદરની લાગણી હોય અને આખા વાતાવરણમાં એકતા હોય.

કુટુંબનો વિકાસ ધીમેધીમે અને સ્વાભાવિક રીતે થાય છે. વગરવિચારે કોઇ નવી વ્યક્તિને કુટુંબમાં દાખલ નથી કરતા. ઘરમાં એક છોકરી આણવી હોય અથવા કોઇને આશ્રિત રાખવો હોય તો કેટલોય વિચાર કરવાનો હોય છે. જે સંસ્થાઓનો વિકાસ આ ઢબે થયેલો હોય છે તેનો જ ઉત્કર્ષ થાય છે. જેમ પાંચપચાસ લોકો એકાદ દિવસ ભેગા થઇને કુટુંબ બનવાનો ઠરાવ નથી કરતા, તેમ જ જીવનવ્યાપી સ્થાયી સંસ્થાઓ એકાએક નથી બની શકતી, ન બનવી જોઇએ. ખાસ કરીને આશ્રમ કે છાત્રાલય જેવી સંસ્થાઓ, જેમાં આખું જીવન ઘડવાનું હોય છે અને સનાતન તત્ત્વોના પ્રયોગો કરવાના હોય છે, ત્યાં તો શરૂઆત નાની હોય અને સ્વાભાવિક વિકાસ થતો હોય એ જ અત્યંત આવશ્યક છે.

મનુસ્મૃતિમાં લખ્યું છે કે આચાર્ય પિતા છે અને સાવિત્રી એ માતા છે. સાવિત્રી એટલે કેળવણી, જીવન રચનાર પ્રેરણા, બુદ્ધિને દોરનાર શક્તિ. એ જો માતૃસ્થાને બરાબર પ્રતિષ્ઠિત હોય તો બીજું શું જોઇએ? જે સંસ્થામાં સાવિત્રીરૂપ કેળવણી મળતી હોય તે સંસ્થાના વિદ્યાર્થીઓ માજાયા ભાઇ કરતાંયે વધારે એકબીજાને ચાહે છે. તેથી એક કુટુંબમાં જેમ વિવાહસંબંધ સંભવતો નથી તેમ એક સંસ્થામાં પણ ન સંભવે. કુટુંબમાં જો માંહોમાંહે વિવાહ કરવાની પ્રથા શરૂ થાય તો કુટુંબ તૂટી જાય. અનાચાર પેદા થાય એટલું જ નહિ પણ કુટુંબની હસ્તિ જ મટી જાય. એ જ રીતે જીવનને ઘડનાર કેળવણીની સંસ્થાઓમાં પણ શિષ્યશિક્ષકનો સંબંધ પિતાપુત્ર કે પિતાપુત્રી જેવો હોવો જોઇએ, અને એક સંસ્થામાં સાથે ભણતાં છોકરાછોકરીઓ ભાઇબહેન સમાન ગણાવાં જોઇએ.

કુટુંબ અને સંસ્થા વચ્ચે સરખામણી કરતાં આપણે અહીં સુધી આવ્યા. પણ અહીં એક મુશ્કેલી ઉભી થાય છે. ધારો કે એકાદ નાની ન્યાત પોતાનાં બધાં છોકરાછોકરીઓ માટે એક મોટું છાત્રાલય કાઢે અને સહશિક્ષણ અને સહજીવનનો અખતરો કરે, તો એ ન્યાતમાં વિવાહની વ્યવસ્થા શી કરવી? ઘણાં

વરસથી હું આ વિષયનો વિચાર કરતો આવ્યો છું. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ સવાલનો બે રીતે વિચાર કરી શકાય છે. એક તો ન્યાતવાર જુદાંજુદાં છાત્રાલય ન જ હોવાં જોઇએ. અને એવાં છાત્રાલય હોય કે ન હોય, આપણા સમાજમાં જે ઢબે ન્યાતો અને પેટાન્યાતોનો વિસ્તાર વધ્યો છે તે જોતાં ગોત્રનો નિયમ આ ન્યાતોને પણ લાગુ પાડવા જેવો છે. જેમ માણસ પોતાના જ ગોત્રમાં પરણી નથી શકતો તેમ પોતાની પેટાન્યાતમાં માંહોમાંહે વિવાહ ન જ થઈ શકે, એવો નિયમ કરવા જેવો છે. એક જ ગોત્રની અંદર વિવાહ થાય તો જેમ સમાજનો આત્મા એની સામે થાય છે, એને અનાચાર ગણી નિંદે છે, ધિક્કારે છે, તેમ એક જ પેટાન્યાતમાં વિવાહ થાય તો તે સમાજને નાપસંદ હોવો જોઇએ.'

છાત્રાલયના કૌટુંબિક વાતાવરણ વિષે બોલતાં સમાજ-વ્યવસ્થાના એક નાજુક સવાલ સુધી હું ક્યાં ગયો, એમ ઘણાને થશે. પણ એ વાંક મારો નથી. આપણે છાત્રાલયોનો સામાજિક દરજ્જો ઝપાટાભેર વધારતા ચાલ્યા છીએ. કુટુંબો તોડી છાત્રાલયો વધારીએ તો છાત્રાલયોની સ્મૃતિ બનાવ્યા વિના છૂટકો નથી. વગરવિચારે પગલું ભરીએ તો એની સાથે આવતી જવાબદારી-ઓનો પણ વિચાર કર્યા વિના છૂટકો નથી. છાત્રાલયને કુટુંબ-વ્યવસ્થાની કબર ન બનાવવું હોય તો એને વ્યાપક જીવનની શરૂઆત તરીકે સ્વીકારવાની હિંમત કરવી ઘટે છે.

મારો નમ્ર અભિપ્રાય છે કે કોમી છાત્રાલયો સરવાળે લાભદાયક નથી. આજના જમાનામાં ભિન્નભિન્ન સમાજના છોકરાઓ સાથે રહે, સાથે ભણે તો જ તેમનાં બુદ્ધિ અને હૃદયનો યોગ્ય વિકાસ થઇ શકે. ફક્ત એક જ ન્યાતના છોકરાઓ સાથે રહેવાથી બંધુભાવ કેળવાય છે એમ આપણે ભલે આશા રાખીએ, પણ ખરેખર તો ન્યાતના સંકુચિત ઝગડા અને વાસી આદર્શોની અંદર જ જુવાનોનાં મન કહોવાઇ જવાનો સંભવ રહે છે. વ્યાપક દેશસેવાના વિચારો એવા વાતાવરણમાં કુંઠિત થઇ જાય છે. જે લોકો આહારના અને શુચિતાના એક જ પ્રકારના નિયમો સ્વીકારે છે તે બધા એકત્ર રહી શકે છે એટલો વ્યાપક નિયમ હોવો જોઇએ.

દરેક જમાનાની વિશિષ્ટ હાજત હોય છે, વિશિષ્ટ ભીડ હોય છે, એ જમાનાએ કરવાજેવું ખાસ કાર્ય હોય છે. એ કાર્યને તોલે આવે એવી સંસ્થાઓ જો ન રચીએ તો તે શાપરૂપ થાય છે. જમાનો માગે છે એના કરતાં સંકુચિત સંસ્થાઓ આપણાથી કદાચ જ નહિ. તેથી જ કહું છું કે કોમી છાત્રાલયો આજે કાલાનુકૂલ નથી. મને ભાન છે કે ગુજરાતમાં કોમી છાત્રાલયોની સંખ્યા વધારે છે, કોમી લાગણીને લીધે તેમની નાણાંની સગવડ સારી રીતે થાય છે, કોમી દેખરેખની સંગીનતા મેળવી એમાં સરસ વ્યવસ્થા આણવી પણ શક્ય છે, અને દરેક કોમની ખાસિયત કેળવવાની અસાધારણ તક પણ મળે છે. કોમી સંસ્થાઓના લાભ હું નથી જોતો એમ નથી. પણ સરવાળે તે વસ્તુ આખા સમાજને તો હિતકર નથી, એટલું જ નહિ પણ તે તે કોમને પણ હિતકર નથી, એ નિર્ણય પર હું આવ્યો છું. કોમી છાત્રાલયો ચલાવનાર સંસ્થાપકો અને વ્યવસ્થાપકોને ફરીફરી પોતાના કાર્યની અસર તપાસવા હું વીનવું છું.

અને જો કોમી છાત્રાલયો અપરિહાર્ય જ હોય, કોમો એવી સંસ્થાઓનો લોભ ન છોડી શકતી હોય તો બીજો એક વિચાર અહીં સૂચવું. એ વિચાર આપણા નિત્યવિધિમાં આવેલા વૈશ્વદેવવિધિ પરથી સુઝેલો છે. ધાર્મિક કુટુંબો વૈશ્વદેવ કર્યા વગર જમતાં નથી. વૈશ્વદેવ સાથે અતિથિપૂજા, ભૂતયજ્ઞ વગેરે વિધિઓ હોય છે. એ વિધિ જે ન કરે અને પોતાને માટે, પોતાપૂરતું જ રાંધે તેને ગીતાએ ચોર કહેલો છે. જે નિયમ વ્યક્તિને લાગુ પડે છે તે જ ન્યાત અને સમાજને લાગુ છે. ઋષિતર્પણથી માંડીને કાગવાસ સુધીના બધા વિધિઓ કરવામાં આવે ત્યારે જ માણસને જમવાનો હક મળે છે. આપણા કોમી દાનધર્મમાં કોમ બહારના ભાઇઓનો પણ વિચાર રાખવો ઘટે છે. કેટલીક ગાયોને પોતાનું જ દૂધ પીવાની કુટેવ હોય છે. એ અત્યંત અશુભ ગણાય છે. એવી ગાયનું દૂધ પૂજાનૈવેદ્યમાં કે અભિષેકમાં કામ નથી આવતું. કોઈ વ્યક્તિ કે કોમ જો પોતાનો દાનધર્મ પોતાની કોમ પૂરતો જ સંકુચિત રાખે તો તે દાન પણ પવિત્ર ન ગણાવું જોઇએ. એમાં

સૂક્ષ્મ સમાજદ્રોહ રહેલો છે. સમાજનો કોઈ પણ એક ભાગ સ્વયંપૂર્ણ થવા માગે અને બાકીના સમાજ વિષે બેદરકાર થાય તો તે વિશાળ સમાજનો દ્રોહ કરે છે, સમાજના વિશાળ આત્માને હણે છે. બીજા ભાગોના મનમાં આવી સ્થિતિ સામે સ્વાભાવિક વિરોધ ઉત્પન્ન થાય છે, અસૂયા પેદા થાય છે, અને તેને પરિણામે આખો સમાજ શિથિલ દુર્બળ અને પામર બની જાય છે.

એક જમાનો એવો હતો જ્યારે ન્યાત મારફતે આપણુ સામાજિક આદર્શો વ્યક્ત થતા; સમાજની મૂંઝવણે ઉકેલાતી. આપણી ન્યાતો અને પેટાન્યાતો તે વખતે પ્રગતિના પગથિયાં-રૂપ હતી, આજે એ સ્થિતિ રહી નથી. આજે એ જ બંધારણો પ્રગતિનાં વિરોધી થઇ પડયાં છે. આજના સવાલો જુદા છે; પુરુષાર્થનાં ક્ષેત્રો ભિન્ન છે; સમાજના વિભાગ જુદાં તત્ત્વો પર, નવા પાયા પર પડવા લાગ્યા છે. ન્યાતોની પરિષદોમાં આપણે જોઇએ છીએ કે વિચાર કરનાર લોકો વચ્ચે કયાંયે મેળ ખાતો જ નથી. આજનું સામાજિક વર્ગીકરણ ન્યાતવાર નથી પણ આદર્શવાર છે. ન્યાતોમાં બહુ બહુ તો સંકુચિત સ્વાર્થનું કંઇક એકીકરણ જડે છે, પણ તે પોષવાજેવું નથી હોતું. તેથી જ કોમી છાત્રાલયોને હું અનિષ્ટ ગણું છું. કોમી છાત્રાલયો જો એવો નિયમ કરે કે દરેક છાત્રાલયમાં કોમના વિદ્યાર્થીઓને જે જે લાભો મળે છે તે બધા જ લાભો ન્યાતબહારના અમુક ટકા વિદ્યાર્થીઓને મળવા જોઇએ, તો કાંઇક નિષ્કૃતિ થાય. આપણે જો ચાતુર્વર્ણ્યમાં માનતા હોઇએ તો દરેક પ્રવૃત્તિમાં ચારે વર્ણના હિતનો વિચાર થવો ઘટે છે. અને જે પછાત કોમોનો પૂરેપૂરો હાથ ઝાલવા આપણે તૈયાર ન હોઇએ તેમનો ઉદ્ધાર આપણે બીજી અનેક રીતે કરવા તરફ વધારે ધ્યાન આપવું જોઇએ. પોતાની આવકનો પૂરેપૂરો પાંચમો ભાગ અંત્યજોને કેળવવા અને છાત્રાલયોનો લાભ આપવા દરેક કોમ ખરચે તો અંત્યજ કોમ કૃતજ્ઞતાબુદ્ધિથી જ સુધરી જશે, સંસ્કારી થશે. જેમ નાનાં ગંદાં બાળકોને પ્રેમપૂર્વક પાસે રાખીને આપણે તેમ બધા શુભ સંસ્કારોની કેળવણી આપીએ છીએ તેમ જ દુર્દૈવે પછાત કોમોને પણ આપણે કેળવવી ઘટે છે. શું હિંદુધર્મમાં એટલીયે તાકાત

નથી કે હજારો વરસના સહવાસ પછી પણ અંત્યજો સ્પર્શલાયક ન બની શકે? હિંદુધર્મને આપણે પતિતપાવન તરીકે ઓળખીએ છીએ. આપણી નદીઓ, આપણાં તીર્થો, આપણા સંતોનો સત્સંગ, અને ભગવાનનું નામ એ બધાંની શક્તિ શું આપણે એટલી ક્ષીણ કરી મૂકી છે કે એમનામાં કોઇનો ઉદ્ધાર કરવાની તાકાત જ રહી નથી? મુસલમાનોના સ્પર્શમાં જે શક્તિ છે તે શું આપણા પ્રેમમાં નથી? અથવા, નયે હોય. વિશાળ હૃદય વગર આપણામાં પવિત્રતા ક્યાંથી જ આવે? ઉપનિષદના ઋષિઓ ગાઇગાઇને થાક્યા કે 'महामनाः स्यात्, तद् व्रतम्. ભાઇઓ, મન મોટું રાખો, ઉદાર રાખો, વિશાળ રાખો.' એ હાલો ઉપદેશ નથી, પણ વ્રત છે. વ્રતની દૃઢતાથી તેનું પાલન થવું જોઇએ. 'न कंचन वसतौ प्रत्याचक्षीत, तद् व्रतम्. કોઇને પોતાના ઘરમાં વાસો આપવાની ના ન પાડવી જોઇએ.' એ પણ વ્રત જ છે. આપણાં છાત્રાલયો જો ભૃગુનું બતાવેલું આ વ્રત સમજીને પાળશે, અને સમાજના દરેક અવયવના હિત તરફ જાગૃત થશે, તો જરૂર તેમનો અસાધારણ ઉત્કર્ષ થશે.

હું ધારું છું સહૃદય લોકોને આથી વધારે કહેવાની જરૂર નથી. આપણે શુદ્ધ સ્વાર્થનો પણ વિચાર કરતા હોઇએ અને સમય જાણતા હોઇએ તોપણ આ બાબતનું આપણું કર્તવ્ય આપણને દીવાજેવું સ્પષ્ટ દેખાશે.

૨

છાત્રાલયોની પ્રવૃત્તિનો હવે આપણે બીજી રીતે વિચાર કરીએ. આજનું વિદ્યાર્થીજીવન જેવું હોવું જોઇએ તેવું નથી એ અનુભવ દરેકનો છે. ચારિત્રની, સારી ટેવોની, અને આદર્શોને સેવવાની જે દૃઢતા જોઇએ છે તે પૂરતા પ્રમાણમાંનથી મળતી. આખા જીવનમાં એક જાતનું અસાધારણ પોચાપણું આવી ગયું છે. મુશ્કેલીઓ સામે ઝૂઝવાની શક્તિનો વિચાર કોરે મૂકીએ,

પણ જમાનાની જાગૃતિને અંગે જે સગવડો, તકો અને અનુકૂળ પ્રસંગો પ્રાપ્ત થાય છે તેનો લાભ લેવાની શક્તિ કે ઉત્સાહ પણ વિદ્યાર્થીઓ પૂરતા પ્રમાણમાં નથી બતાવતા. એમ તો આજના વિદ્યાર્થીઓમાં સમાજસેવા કરવાની ધગશ ચોખ્ખેચોખ્ખી દેખાય છે, જૂનાં બંધનો ફેંકી દેવાની ઉત્કંઠા પણ દેખાય છે. ઉચ્ચ આદર્શો પાછળ ખુવાર થઈ પડે તો તેમ કરવાની અભિલાષા પણ નથી હોતી એમ નથી. પારાસ્થતિ સમજવાની શક્તિ આજના વિદ્યાર્થીઓમાં વિશેષ પ્રમાણમાં દેખાય છે. છતાં કાંઈક અગમ્ય શિથિલતાને લીધે, અથવા પરંપરાથી વધેલા તમોગુણને લીધે કહો, કોઈ પણ જાતના સંસ્કારો દૃઢ કરવા તરફ એમનું મન વળતું નથી. જુવાનીના ઉત્સાહમાં અનેક જાતની કાર્યકુશળતા કેળવવાની અદમ્ય ચળ હાથપગને હોવી જોઈએ. બાળક જે કંઈ જુએ તે પોતે કરવા બેસે એ પ્રાકૃતિક નિયમ છે. એ વૃત્તિ ઉચ્છૃંખળ ન થાય એટલા માટે મુરબ્બીઓ એને અંકુશમાં રાખે, લગામ ખેંચે, એ જ સ્વાભાવિક પરિસ્થિતિ ગણાય. એના બદલામાં જુવાનો શિથિલ, નિરુત્સાહી રહે, જડતા દાખવે, અને મુરબ્બીઓ એમને 'ઊઠો, ઊઠો, કંઈ કામ કરો,' એવી હાકલ દેતા રહે, એ સ્થિતિને શું કહી શકાય? વીર્યવાન યુવાનો લગામના અધિકારી હોય, ચાબુકના નહિ.

આજના વિદ્યાર્થીઓ સ્વાતંત્ર્યની માગણી કરે છે એ વધાવી લેવાજેવી વાત છે. પણ સ્વાતંત્ર્ય કંઈક પુરુષાર્થને માટે હોય. વિદ્યાર્થીઓ જો આળસુ થઈ સૂઈ રહેવાનું સ્વાતંત્ર્ય માગે, છાત્રાલયમાં ગંદા રહેવાનું સ્વાતંત્ર્ય માગે, નોકરો પર અપંગની જેમ આધાર રાખવાનું સ્વાતંત્ર્ય માગે, અવ્યવસ્થિત અને પરાવલંબી જીવન ગાળવાનું સ્વાતંત્ર્ય માગે, તો તેનો શો અર્થ કરવો?

પણ આ દોષ કંઈ મૂળ એમનો નથી. 'વડ તેવા ટેટા.' આજે માબાપો પોતે કયાં સંસ્કારોની ચીવટ રાખે છે? ભૂખતરસ જેવા દેહધર્મનું દબાણ, આજીવિકા મેળવવાની આવશ્યકતાનું દબાણ અને સામાજિક માન્યતાઓનું દબાણ જો કોરે મૂકીએ, અને એને લીધે થતી પ્રવૃત્તિઓ બાદ કરીએ તો આપણા જીવનમાં શું અને કેટલું રહે છે? સ્વયંસ્ફુર્તિ જ સમાજમાંથી ઘણી ઓછી થઈ

ગમ્ય છે. પોતાના જીવન વિષે જ જ્યાં આપણી આટલી બેદરકારી, ત્યાં છોકરાઓના ઉછેરની તકલીફ લેવા કેટલાં માબાપો તૈયાર હોય? છોકરાઓ પાછળ માબાપો મહેનત ન લે, કાળજીખંત ન રાખે, તો એકલી માયાની અસર કેટલી થવાની હતી? માબાપો બાળકોને ઉછેરવા નથી માગતાં, અને છતાં તેમના પર હકુમત તો રાખવા માગે છે. એ શી રીતે બને અથવા યોગ્ય ગણાય? અને જ્યારે છોકરાઓ કમાણી અને પ્રતિષ્ઠા તરફ લઇ જનાર કેળવણી લેતા થાય છે ત્યારે એ ભાવિ લાભને લોભે માબાપો હકુમતનો આગ્રહ પણ જતો કરે છે. બાળકોના વિકાસ પામતા આત્મા પ્રત્યે આદર રાખી એનું સ્વાભાવિક સ્વાતંત્ર્ય કબૂલ રાખનાર માબાપો ઘણાં ઓછાં હોય છે.

સાચું જોતાં, વિદ્યાર્થીઓ જો સ્વચ્છંદ કે જડતા પોષવાની વૃત્તિથી સ્વાતંત્ર્ય માગે, અને માબાપો જો બેદરકારી અથવા લોભને વશ થઇ સ્વાતંત્ર્ય આપે, તો એ આપલેની કંઇ જ કિંમત નથી. સ્વાતંત્ર્ય એટલે વિકાસનો અવકાશ. એવું સ્વાતંત્ર્ય પ્રેમ અને આદરથી જ અપાય, અને ઉત્સાહ અને ભક્તિથી જ લેવાય. કુટુંબમાં આ વસ્તુની શક્યતા ઓછી થઇ તેથી છાત્રાલયો પસંદ પડવા લાગ્યાં. એમ જ હોય તો ત્યાં પણ સ્વાતંત્ર્યનો સવાલ એવો ને એવો જ ઉભો રહેવાનો. છોકરાઓ ઘર છોડી છાત્રાલયમાં ગયા, તો એમને લગતો આ મહાનમાં મહાન સવાલ પણ ત્યાં પહોંચવાનો જ. ત્યાં પણ જો મુરબ્બીઓમાં સેવાભાવ ન હોય તો વિદ્યાર્થીઓમાં શુશ્રૂષાભાવ આવવાનો નથી. ગૃહપતિમાં જો અજરામર વિદ્યાર્થીવૃત્તિ હોય તો જ તે વિદ્યાર્થીઓને દોરી શકે અને તેમનું જીવન ઘડી શકે. વિદ્યાર્થીઓ કુદરતી રીતે મોટા માનસશાસ્ત્રીઓ હોય છે. પોતાના ગૃહપતિને તેઓ સ્વભાવતઃ જ પારખી લે છે. વિદ્યાર્થીઓ વચ્ચે રહેવું એ પરીક્ષકો આગળ ઉભા રહેવા કરતાં પણ આકરૂં છે. જાણ્યેઅજાણ્યે આપણામાં જેટલી નબળાઇઓ હોય તે બધી વિદ્યાર્થીઓની નજરે પડવાની જ, અને તેનું કંઇક અનુકરણ તેઓ કરવાના.

મનુષ્યપ્રકૃતિ જ એવી છે કે અમુક માણસનો સ્વભાવ આપણને ગમે છે ને અમુક માણસનો નથી ગમતો. ગૃહપતિ

અને છાત્ર વચ્ચે પણ એવા જ ગમાઅણગમા પેદા થાય છે. પણ જેમ સામાન્ય પોલીસ બધા જ નાગરિકોનું સરખું રક્ષણ કરવાને બંધાયલો છે, તેમ ગૃહપતિ પણ બધા છોકરાઓને સરખા ઉત્સાહથી દોરવાને બંધાયલો છે. અમુક છોકરાઓ પ્રત્યે વિશેષ ભાવ રહે એ ગમે તેટલું સ્વાભાવિક હોય તોયે ઇષ્ટ તો નથી જ. એમ તો જરૂર બને કે કેટલાક વિદ્યાર્થીઓ અમુક ગૃહપતિ પાસેથી વધારે મેળવે ને કેટલાક ઓછું. એનો આધાર તે તે વિદ્યાર્થીઓની ગ્રહણશક્તિ પર છે. પણ આપનારે તો મેઘવૃષ્ટિની પેઠે સર્વત્ર સમાનભાવ રાખવો જોઇએ.

છાત્રાલય એ મુખ્યતઃ સંસ્કૃતિનું કેન્દ્ર છે. સંસ્કૃતિનાં બધાં અંગો ત્યાં કેળવાવાં જોઇએ. પ્રકૃતિ અને સંસ્કૃતિ વચ્ચે મુખ્ય ભેદ એ છે કે પ્રકૃતિ એની મેળે વધ્યાં કરે છે, જ્યારે સંસ્કૃતિ બુદ્ધિપુરઃસર પ્રયત્નના સાતત્યથી જ જળવાય છે. જેમ લુહારની ભઠ્ઠી ધમણ ચલાવવાથી જ તેજ રહે છે તેમ સંસ્કારની કેળવણી સતત ચાલુ રાખવાથી જ સંસ્કારિતા ટકે છે અને વધે છે. વિસ્મૃતિ, પ્રમાદ, આળસ, વિકલ્પ, અનુત્સાહ ઇત્યાદિ જડતા સામે સતત યુદ્ધ ચલાવે તે જ સંસ્કૃતિને ટકાવી શકે છે. સંસ્કૃતિ મફતની કેળવાતી નથી. સંસ્કૃતિ કાંઈ વ્યાખ્યાનમાં, ચોપડીઓમાં કે કળાસંગ્રહમાં રહેલી નથી હોતી. એ તો જીવનનો વિષય છે, જાગૃતિનો વિષય છે.

સંસ્કૃતિના પાયામાં મુખ્ય વસ્તુ શૌચાચાર છે. એક જમાનો એવો હતો કે જ્યારે આપણી આર્ય જાતિ ખાનપાન, રહેણીકરણી બધી બાબતમાં દુનિયાની બીજી પ્રજાઓ કરતાં વધારે સ્વચ્છ અને સુઘડ ગણાતી. પચાસ વરસ પહેલાં પણ સંસ્કારી કુટુંબોમાં ઘરની અંદર સરસ સ્વચ્છતા જળવાતી. નહાવાધોવામાં, કપડાંલત્તાંમાં અને ખાનપાનમાં અત્યંત સ્વચ્છ રહેવું એ ધર્મનું અંગ ગણાતું. એ વખતે ઘરબહાર પોળોમાં અને શેરીઓમાં, સાર્વજનિક મકાનોમાં અને જળાશયોમાં સ્વચ્છતા જળવાતી જ એવો અનુભવ નથી. આજે વ્યક્તિગત પ્રયત્ન બહુ જ ઓછો થઇ ગયો છે. રોજ નિયમિત દાતણ કરી ઘડપણ સુધી હીરા જેવા દાંત

ટકાવવાને બદલે વરસ છ મહિને એકવાર દંતવૈદ્ય પાસેથી દાંત સાફ કરાવનાર લોકોનો વર્ગ ઉત્પન્ન થવાની બીક બતાવી રહ્યો છે. મ્યુનિસિપાલિટી, ધોબીઓ, દંતવૈદ્યો અને દાક્તરો શૌચાચારના ઇજારદારો થઇ ગયા છે. હું તો એ અભિપ્રાય ઉપર આવ્યો છું કે આધુનિક જમાનામાં આવા બધા પ્રયત્નોને લીધે માનવી સંસ્કારિતા ઘણી ઘટી છે. ઘરમાં નોકરોનું સામ્રાજ્ય; નોકરો ન હોય તો સ્ત્રીઓ તો છે જ. પુરુષો અને છોકરાઓ કશું કામ હાથે ન કરે એ બધે ઇષ્ટ મનાય છે. આને પરિણામે આળસ, શિથિલતા અને અપંગતા એટલાં બધાં વધ્યાં છે કે એની સામે થનાર માણસ ઘણીવાર અકારો થઇ પડે છે; અને આજના લોકશાહી સ્વાતંત્ર્યના જમાનામાં અકારો માણસ સેવા કરવાની પોતાની શક્તિ ગુમાવી બેસે છે. છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની ટેવો સુધારવાનો પ્રયત્ન બધે જ સરખો અને સાર્વત્રિક થવો જોઇએ, અને દરેક સંસ્થામાં પણ બધા કાર્યકર્તાઓ સરખા જ આગ્રહવાળા હોવા જોઇએ. જ્યાં આગ્રહ અણસરખો હોય છે ત્યાં વાતાવરણ બંધાતું નથી, એટલું જ નાહ પણ ભાંગી પડે છે.

સરખો આગ્રહ નિયમો કડક કરવાથી પળાતો નથી. એ તો અંદરના ઉત્સાહના અને આદર્શો વ્યવહારકુશળતાથી નક્કી કરવાના ફળ તરીકે મળી શકે છે.

જે વાત સ્વચ્છતાની એ જ ધાર્મિક આચારની. માબાપો અને સંસ્થાના વાલીઓ જે આચારનું પોતે પાલન કરતા નથી અથવા કરી શકતા નથી તેનું પાલન નિયમો ઘડી પગારદાર નોકરો મારફતે થયેલું જોવા માગે છે. આર્યસમાજીઓ ઘરમાં ભલે હવન કરતા ન હોય, પણ ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓ પાસેથી તો તેમ કરાવવાનો આગ્રહ રાખે જ છે. એ જ છોકરાઓ ઘેર રજા ઉપર આવે ત્યારે હવન ન કરવાની છૂટ. સંસ્થામાં કાંતવાનો આગ્રહ હોવો જ જોઇએ એવા નિયમની તરફેણમાં મત આપનાર લોકોનું પણ આવું નથી દેખાતું એમ નથી. જૈન બોર્ડિંગોના જે વ્યવસ્થાપકો સૂર્યાસ્ત પછી ન જમવાના, બટાટા ન ખાવાના વગેરે નિયમો સંસ્થામાં પળાવવાનો ખાસ આગ્રહ રાખે છે તેઓ જ પોતાના જીવનમાં એ નિયમના છડેચોક ભંગ કરતા હોવાનો એકરાર પણ

કરે છે. આવો પ્રયત્ન તો ગરમ પાણીમાં મડદું રાખી તેની ઉષ્ણતા ટકાવવાના પ્રયત્ન જેવો છે. આપણને જે યોગ્ય જણાય તેને જ યોગ્ય કહીએ, પણ જેનો અમલ આપણે કરી શકતા નથી તેનો અમલ બીજા પાસે કરાવવાનો આગ્રહ આપણે ગમે તેટલો રાખીએ પણ આપણે હાથે તે થવાનો નથી એટલું જો જાણીએ તો કૃત્રિમતામાંથી અને દંભમાંથી બચી જઇશું.

છાત્રાલયોમાં પ્રથમ ધ્યાન વિદ્યાર્થીઓનાં શરીર બાંધવા તરફ અપાવું જોઇએ એ પણ કેટલે ઠેકાણે આચારમાં સ્વીકારાયું છે? શરીર બાંધીને એને અલમસ્ત, કસાયેલું અને કાર્યક્ષમ કરવા માટે ખોરાક કેવો હોય, મહેનત કઇ જાતની હોય, વાતાવરણ કેવું હોય, શારીરિક પરિશ્રમ કઇ જાતનો અનુકૂળ આવે, એ બધાંનું શાસ્ત્ર હજી ક્યાં આપણે રચ્યું છે? છાત્રાલયોની પ્રવૃત્તિમાં અત્યાર સુધી તો અધ્યાપકો અને ધર્મપ્રચારકો જ પડ્યા છે. શરીરશાસ્ત્રીઓ, માનસશાસ્ત્રીઓ અને સમાજશાસ્ત્રીઓ છાત્રાલયવ્યવસ્થાને જીવન-કાર્ય સમજી તેમાં હજી ક્યાં ઉતર્યા છે? નૈસર્ગિક ઉપચારપદ્ધતિ-વાળા જેમ દર્દીનું શરીર તપાસી એને માટેનો ખોરાક નક્કી કરે છે, એ જ રીતે છાત્રાલયોના વ્યવસ્થાપકોએ અખતરા કરવા જોઇએ, એની શાસ્ત્રીય નોંધ રાખવી જોઇએ, અનુભવોની આપલે કરવી જોઇએ. શરીરને ઘીદૂધ જોઇએ છે એટલું તો સૌ સ્વીકારે છે. છોકરાઓને અવારનવાર ગળ્યુંગળ્યું કંઇક ખાવાને મળવું જોઇએ એ પણ હવે બધા સમજી ગયા છે. પણ ખાવાના સમયો કયા, પ્રમાણ કેટલું, વગેરે કેટલીયે વસ્તુઓની શોધખોળ કરી શકાય એમ છે. વધતા શરીરને દૂધ પૂરતા પ્રમાણમાં મળવું જ જોઇએ. એના ઉપરાંત શરીરને ફળોની આવશ્યકતા છે એ હજી બરાબર સ્વીકારાયું નથી. ફળોનો આહાર મોંઘો છે માટે આપણે એ છોડી દીધો છે એમ કહેવા કરતાં આપણે ફળોનો આહાર છોડી દીધો તેથી ફળો મોઘાં થયાં છે એમ કહેવું જ વધારે સાચું નીવડે. કેળાંપપૈયાં જેવાં ફળો તો હજીયે સર્વત્ર વપરાય. પાકાં ટમેટાં અને લિંબુ પણ અત્યંત મહત્ત્વનો ખોરાક છે. એ વસ્તુઓની અસર તરત ભલે ન દેખાય, પણ શરીર બાંધવામાં

અને લોહી શુદ્ધ રાખવામાં એનો ઉપયોગ ઘણો છે. કોળ અને ખાંડ પર આપણે એટલા બધા મોહિત થઇ ગયા છીએ કે ફળ જેવા ઉત્તમ ખોરાકને આપણે આપણા આહારમાંથી લગભગ બાતલ કરી નાંખ્યો છે. દરેક છાત્રાલય જો જમીનની સગવડ રાખી કેળાંપપૈયાં ઉગાડવાનું નક્કી કરે, બની શકે એટલાં લિંબોઇનાં ઝાડ ઉગાડે, અને થોડાક ટમેટાના છોડ પણ રાખે તો ઝાઝા ખર્ચ વિના વિદ્યાર્થીઓને ઉત્કૃષ્ટ ખોરાક મળી શકે.

જેને આજકાલ 'જાતીય પ્રશ્ન' કહેવામાં આવે છે તેની ચર્ચા આવે પ્રસંગે કર્યા વગર છૂટકો નથી. Sex Problem માટે 'જાતીય' શબ્દ ન ચાલે એમ નથી, પણ 'જાતીય પ્રશ્ન'નો જે પહેલવહેલો અર્થ મનમાં આવે છે તે 'કોમી સવાલ' છે. એટલા માટે હું તો Sex Problem માટે 'કામમીમાંસા' એ જ આપણો રૂઢ શબ્દ પસંદ કરૂં છું. એ સવાલની બધી જટિલતા કે ગૂઢતા, સ્વાભાવિકતા કે ઉદાત્તતા 'કામ' શબ્દમાં આવી જાય છે.

વિદ્યાર્થીઓમાં અમુક ઉમ્મરે પહોંચતાં કામ સ્વાભાવિક રીતે જાગ્રત થાય છે. કૃત્રિમ પરિસ્થિતિમાં ઉમ્મર પહેલાં અને વિચિત્ર રીતે એ જાગૃત થાય છે. કામના સ્વાભાવિક કે વિકૃત પ્રાદુર્ભાવની બાબતમાં વિદ્યાર્થીઓને વખતસર અથવા વખત પહેલાં જ્ઞાન આપીને ચેતવવા કે નહિ, અને એ બાબતમાં નિર્ણય કરી કાંઈ પણ પગલાં ભરવાની કે ન ભરવાની જવાબદારી કોની, એટલા સવાલો આ કામમીમાંસામાં આવી જાય છે. કામનો પ્રાદુર્ભાવ કઇ ઉમ્મરે અને કયા ક્રમે થાય છે, એના પ્રત્યે વિદ્યાર્થીએ તેમજ એના વાલીઓએ તથા અધ્યાપકોએ કેવી વૃત્તિ રાખવી, અને એ બાબતમાં કઇ સાધના કરવી, એ સવાલો તો સાર્વત્રિક અને સનાતન છે. વિકૃતિનાં કારણો, વિકૃતિના પ્રકારો, એનાં પરિણામો અને એના ઇલાજ એટલા સવાલો બીજા વર્ગમાં આવે છે. ત્રીજા વર્ગના સવાલો તે કામમીમાંસાનું આ જ્ઞાન આપવું એ ઇષ્ટ છે કે ન આપવું એ ઇષ્ટ છે? મુગ્ધતા ઉપર વિશ્વાસ રાખવો કે જ્ઞાન ઉપર વિશ્વાસ રાખવો? મુગ્ધતા ઓળખવી શકય છે કે કેમ? જ્ઞાન આપવું હોય તો કોણ આપે અને કયારે આપે? શી રીતે આપે?

સ્વાભાવિક કામ વિષેનું જ્ઞાન આપવું બસ છે કે વિકૃતિ વિષે પણ માહિતી સાથે ચેતવણી આપવાની જરૂર છે? યોગ્ય રીતે જ્ઞાન ન અપાય તો એનાં દુષ્પરિણામો ક્યાં ક્યાં? એ વિષેના અજ્ઞાન અને કુજ્ઞાનમાંથી ક્યાનું જોખમ વહોરી લેવા જેવું છે? કામ વિષેનું જ્ઞાન એકાન્તમાં આપવું કે સમુદાયમાં આપવું? મિશ્ર સમુદાયમાં અપાય કે કેમ? આ ત્રણ પ્રકારના સવાલોમાં વિદ્યાર્થી પરત્વેની મુખ્ય કામમીમાંસા આવી જાય છે. વિવાહનો સવાલ ત્યારપછીનો છે. એને અહીં છેડવાની જરૂર નથી.

બાળકોના જન્મના સંસ્કારો સારા હોય અને વાતાવરણ નિર્મળ હોય તો એનામાં કામનો પ્રાદુર્ભાવ જલદી નથી થતો, અને જ્યારે થાય છે ત્યારે યોગ્ય સંસ્કારી કેળવણીને લીધે હદ ઓળંગીને તે બેફામ નથી થતો. પણ આવા નિર્મળ દાખલાઓ દુર્ભાગ્યે સમાજમાં ક્વચિત જ હોય છે. જ્યાં હોય ત્યાં એ વસ્તુસ્થિતિ વધાવી લેવી જોઇએ અને મુગ્ધતા જેટલી ટકાવી શકાય તેટલી ટકાવવી જોઇએ. અને જ્યારે એ મીમાંસાનું પૃથક્કરણ કરવાની જરૂર જણાય ત્યારે પણ જરૂરપૂરતી જ માહિતી આપી અટકવું જોઇએ. વિકૃતિના એકેએક પ્રકાર સામે વિદ્યાર્થીને ચેતવવા જતાં નવીનવી વિકૃતિઓ પેદા થવાનો સંભવ ઘણો રહે છે. અજ્ઞાનની દશા એ સુરક્ષિત દશા કોઇ કાળે ન મનાય એ સાચું; પણ મુગ્ધતા એ કંઇ ફક્ત અજ્ઞાનની દશા નથી. એ નિર્વિકારી દશા છે. એ નક્કર વસ્તુ છે. એ જ્યાં સુધી ટકે ત્યાં સુધી ટકાવવામાં જ લાભ છે. આવી મુગ્ધતા ન હોય અને છતાં છે એમ માનવાની ભૂલ આપણે કરીએ તો તેનાં પરિણામ ઘણાં માઠાં આવે એ ખરૂં છે. પણ જો આપણી બેદરકારી ન હોય, મુગ્ધતા છે એમ પ્રામાણિકપણે લાગતું હોય તો બાળકને કશું ન કહેવામાં આપણે ઇશ્વર આગળ ગુન્હેગાર નથી. છતાં અમુક ઉમ્મર પછી તો કુદરતનો ક્રમ ઓળખી જ્ઞાન આપવું એ જ યોગ્ય છે.

કામમીમાંસાનું જ્ઞાન શી રીતે આપવું એ સવાલ કરતાં તે જ્ઞાન આપવાને અધિકારી કોણ છે એ સવાલ મારે મન અધિક મહત્ત્વનો છે. અને વિકૃતિની બાબતમાં તો વિકૃતિ વિષે આપણને

સ્પષ્ટ શંકા થાય નહિ ત્યાં સુધી કશું ન કહેવું એ જ યોગ્ય ગણાય. સર્વસામાન્ય જેટલી માહિતી આપેલી હોય છે તેટલી જ બસ હોય છે. દરેક વિદ્યાર્થીને આરોગ્યનું જ્ઞાન પૂરતું હોય. દરેક રોગની સ્થિતિ અને તેનાં લક્ષણો સમજાવવાની જરૂર નથી. આરોગ્ય ઠીકઠીક હોય તો એ સહેજ પણ બગડે તો એની મેળે અંદરથી સમજાય છે. જ્યાં મુગ્ધતા જાળવવી અશક્ય હોય ત્યાં તો વખતસર ચેતવણી આપવી એ જ ઉપાય રહે છે. બાળકોનું ડાહ્યું મોઢું અને તેમનાં શુદ્ધ ભાષા ઉપરથી એમ ન સમજવું કે તેઓ સાવ મુગ્ધ છે. બાળકોમાં જિજ્ઞાસા એટલી બધી હોય છે અને ગુપ્ત ગણાતી વાતો છાનીછાની બીજાને કહેવાનો રસ એટલા બધાને હોય છે કે કાંઈક ને કાંઈક કાને પડ્યા વગર રહેતું નથી. ચિત્ર-વિચિત્ર કલ્પનાઓ કરવાની ટેવ બાળકોને હોય છે. તે તરત જ સાંભળેલી વાત ઉપર વિચાર કરવા બેસે છે. જ્યાં સુધી અમુક વિષય ગુપ્ત રાખવા જેટલા મહત્ત્વનો છે એમ બાળકોને ખ્યાલ રહે ત્યાં સુધી તેઓ વડીલોને અને શિક્ષકોને પૂછવાને બદલે બેજવાબદાર લોકોને જ પૂછી લેવાનાં. પ્રતિષ્ઠાનું કવચ મુરબ્બીઓ પણ જાળવે અને વિદ્યાર્થીઓ પણ જાળવે, પછી મોકળી વાતો થાય જ શી રીતે?

આજકાલનો જમાનો જ કામમીમાંસા જાહેર રીતે ચલાવી એમાંથી રસ લેવાનો છે. આ વિષેની શાસ્ત્રીય ચર્ચા કરવાને બદલે એનો રસ લૂંટવાની વૃત્તિ ઘણા લોકો પોષે છે. જૂના જમાનામાં જેમ કૃષ્ણગોપીલીલાનું શૃંગારિક વર્ણન ધર્મકથાને નામે છડેચોક કરવાની અને સાંભળવાની છૂટ રહેતી, તેમ આજના જમાનામાં શાસ્ત્રીય ચર્ચા અને આવશ્યક જ્ઞાનના પ્રચારને નામે જ્યાં ત્યાં કામમીમાંસા કરવાની છૂટ લેવાય છે. બન્નેની પાછળ રસ લૂંટવાની જ વૃત્તિ નથી હોતી શું? કુમળી વયે બાળકોની કલ્પનાશક્તિ ખૂબ વધારીને મોટપણના રસો એમને આપવાની પદ્ધતિ જોખમ-કારક છે એ તરફ કેળવણીકારોનું પણ પૂરતું ધ્યાન ગયું નથી.

અમેરિકામાં પ્રવેશ કરતી વખતે માણસ નીરોગી છે કે નહિ તે તપાસવામાં આવે છે. પણ માયોપિયા એટલે કે ટૂંકી દૃષ્ટિ એ રોગ જ ગણાતો નથી. એને ખાસ અપવાદ ગણ્યો છે. માયોપિયા

એ રોગ નથી એમ નથી, પણ આજના જમાનામાં જ્યારે લગભગ દરેક માણસને એ રોગ હોય છે ત્યારે કેટલા માણસને અમેરિકા બહાર રાખી શકે? આજના જમાનામાં માનસિક વિકૃતિ એ પણ માયોપિયા જેવો જ વ્યાપક રોગ થઇ પડેલો હોવાથી શિક્ષક કે વિદ્યાર્થીની પસંદગીમાં ધોરણ જ હલકું રાખવું પડે છે. સમાજના સામાન્ય નિયમોનું જે પાલન કરે છે, જે માણસનો આચાર જોખમકારક નથી લાગતો તે માણસ સજ્જન છે એમ માનીને ચાલ્યા વગર છૂટકો નથી થતો. પણ કામવિકાર એટલી સૂક્ષ્મ વસ્તુ છે અને વિદ્યાર્થીદશામાં એની અસરમાંથી મુક્ત રહેવું એટલું બધું આવશ્યક છે કે સામાન્ય રીતે ઠીકઠીક એવા વાતાવરણથી સંતોષ ન મનાય. સાધનાનું અધરાપણું જોઇને આદર્શને જ નીચે ખેંચવાની વૃત્તિ સમાજમાં વધી પડી છે. એ સ્વાભાવિક હોય તોપણ ઇષ્ટ નથી એમ બતાવવા ખાતર ગાંધીજીએ તે વરસે આશ્રમમાં ઉપવાસ કર્યા હતા.

વિદ્યાર્થીઓને માહિતી આપવાનું કામ અથવા બોધ કરવાનું કામ કઇ ઢબે થાય એની ચર્ચા પાશ્ચાત્ય ગ્રંથોમાં ઘણી કરી છે. એ વિષય મહત્ત્વનો છે. પણ એથીયે વધારે મહત્ત્વનો સવાલ કેવી મનોવૃત્તિવાળો માણસ એ માહિતી આપે એ છે. બહુ આકરો આદર્શ રાખીએ તો કામ જ ન થાય, અને સામાન્ય પરિસ્થિતિથી ચલાવી લઇએ તો સંતોષ થતો નથી, એવી સ્થિતિ છે. એકાન્તમાં વિદ્યાર્થીઓને ઉપદેશ આપવો એ કેટલીક વખતે અનિષ્ટ હોય છે; જ્યારે વર્ગોમાં આવી ચર્ચા ચલાવવાથી વિદ્યાર્થીઓને માંહોમાંહે ચર્ચા કરવાનું ઉત્તેજન મળે છે, જેને પરિણામે સ્વાભાવિક શરમનું કવચ પણ તૂટી જાય છે.

આજકાલ શિક્ષકોનો કામમીમાંસા કરવાનો વધતો રસ જોઇ વિદ્યાર્થીઓ પણ અનેક રીતે સવાલો પૂછે છે. કેટલાક વિદ્યાર્થીઓ તો માહિતી કઢાવવા ખાતર જ ખોટી મૂંઝવણ શિક્ષક આગળ રજુ કરે છે; અને કોઇકોઇવાર તો શિક્ષક કરતાં વિદ્યાર્થીઓ જ વધારે જાણકાર હોય છે. શિક્ષકની નબળાઈ ક્યાં છે એ તો વિદ્યાર્થીઓ જાણતા હોય જ. તેમાં આવી ચર્ચાની છૂટ મળી એટલે પછી પૂછવું જ શું? કામમીમાંસા વિદ્યાર્થીઓના મનમાં

હમેશ રમ્યા કરે એ જ એક સ્વતંત્ર સંકટ છે. આજકાલની કેળવણીના વિષયો, કાવ્યો, નવલકથાઓ વિકારી વાતાવરણને ઘણે અંશે પોષે છે. ઘણી વસ્તુઓ નિર્દોષ છે એમ જ માનવું જોઇએ એવો આજના જમાનાનો આગ્રહ છે, અને છતાં એ જ જમાનામાં આપણે વિવાહનો સર્વમાન્ય આદર્શ કાંઇક અપ્રતિષ્ઠિત કરી વિદ્યાર્થીઓ આગળ બ્રહ્મચર્યનો આદર્શ વ્યાપક કરવા માગીએ છીએ. આ પ્રશ્નની ગંભીરતા જાણતા છતાં શિષ્ટ લોકો જ્યારે જાણે અમુક વિવેક જાળવ્યો એટલે બધું સુરક્ષિત એમ માનતા હોવાનું બતાવે છે, ત્યારે તેઓ ગંભીરપણે વિચાર કરે છે કે કેમ, સાચી લાગણીથી જ બોલે છે કે કેમ એને વિષે મનમાં શંકા ઉપજ્યા વિના રહેતી નથી.

સહશિક્ષણનો સવાલ શાળાની કેળવણી સુધી પહોંચ્યો છે, છાત્રાલયો સુધી હજી પહોંચ્યો નથી. જોકે ચોકસ મર્યાદાઓ મૂકી અને મળી શકે તેટલું આદર્શ વાતાવરણ મેળવી અમે આશ્રમમાં એનો પણ અખતરો કરી રહ્યા છીએ. છાત્રાલયને અંગે સહજીવનનો સવાલ જ્યારેત્યારે આપણી આગળ આવ્યા વગર રહેવાનો નથી. પણ તેની આજે ચર્ચા કરવા નહિ બેસીએ. સહશિક્ષણ હોય કે સહજીવન, તેના હિમાયતીઓને હું એટલું જ કહું કે એ અખતરાની શરૂઆત કરતી વખતે નરનારીસંબંધની શુદ્ધતા વિષેના તમારા આદર્શો ચોકસ ભાષામાં વિસ્તૃત લખી રાખો, અને ત્યારપછી જેમજેમ અખતરો અને અનુભવ વધતા જાય તેમતેમ મૂળ આદર્શને આપણે હજી માનીએ છીએ, એને વળગી રહ્યા છીએ કે આદર્શ ધીમેધીમે બદલતા જઇએ છીએ એ તપાસતા રહેજો. ફેરફાર થતો હોય તો તે અનિષ્ટ જ છે એમ હું કહેવા નથી માગતો. પણ શરૂઆતમાં અખતરાકારો જે બોળાધરી આપે છે તે પાછળથી ધીમેધીમે પાછી ખેંચી લેવા માંડે છે એ વસ્તુ તરફ ફક્ત ધ્યાન જ ખેંચવા માગું છું.

સહશિક્ષણ લ્યો કે સહજીવન, શુદ્ધ કૌટુમ્બિક વાતાવરણ વગર તેમાંથી આપણે શ્રેય નીપજાવી શકવાના નથી. બહોળા કુટુંબમાં નાનીમોટી ઉંમરનાં કેટલાંયે છોકરાછોકરીઓ સાથે રહે

છે, છૂટથી રહે છે. એમના પર કોઇ એક ખાસ નિરીક્ષક નીમેલો નથી હોતો. અથવા એમના પરસ્પર સંબંધનાં ધારાધોરણો વ્યાખ્યાબદ્ધ કરેલાં નથી હોતાં. એમને દરેક રીતે જોઇએ તેટલું સ્વાતંત્ર્ય હોય છે, છતાં અંકુશ વધારેમાં વધારે હોય છે. એ અંકુશની માઠી અસર નથી થતી. કેમકે એ અજાણે સ્વેચ્છાસ્વીકૃત હોય છે. એવા સંબંધમાં અણુવિશ્વાસ પણ નથી હોતો અને સામે થવાપણું પણ નથી હોતું. પરસ્પર સદ્ભાવના પાયા ઉપર રચાયેલા તંત્રમાં હક સાચવવાપણું નથી હોતું અને સ્વાતંત્ર્ય આપવાપણું પણ નથી હોતું. આપણા શરીરમાં માથું ખભા ઉપર ચઢી બેઠું છે એને કોઇ શિરજોરી ગણતું નથી, કેમકે ખભા અને માથું બન્ને એક-જીવ છે. જ્યાં અને જેટલા પ્રમાણમાં આવું વાતાવરણ ઉભું કરી શકાય ત્યાં અને તેટલાં જ મોટાં છાત્રાલયો સ્થાપવાં જોઇએ. કુટુંબવ્યવસ્થામાં સામાન્યપણે કહી શકાય કે પાંચ બાળક દીઠ એક ગૃહપિતા અને એક ગૃહમાતા હોય છે. આજનાં છાત્રાલયોમાં માને સ્થાને ભાગ્યે જ કોઇ હોય છે અને ગૃહપતિ તો સેંકડો બાળકોનો પિતા થઇને બેઠેલો હોય છે! અને આવી પરિસ્થિતિને પહોંચી વળવા જેટલી કેળવણી એને ઘરમાં કે બહાર હમેશાં મળેલી હોય છે જ એમ નથી. એક વખતે વીશી કરતાં પણ ઉતરતું એક છાત્રાલય જોઇ મને તો એક અંગ્રેજી લોકગીત યાદ આવ્યું:

> "There was an old woman,
> That lived in a shoe;
> She had so many children,
> She did not know what to do!"

અને પછી તો એ ડોસી છોકરાઓને ભડકું પીવડાવી સાવરણી વતી શી રીતે બહાર વાળી કાઢતી હતી એનું મજાનું વર્ણન આવે છે. મોટાંમોટાં લશ્કરી અને વેપારી વ્યવસ્થાતંત્રો જોઇ આપણે હૃદય અને લાગણી કરતાં ગુણાકાર ઉપર વધારે વિશ્વાસ રાખતા થયા છીએ. જેમ મકાનોના મજલા વધતા જાય છે તેમ છાત્રાલયોના આકારો વધતા જાય છે. આવી સ્થિતિમાં સહજીવનનો અખતરો કોઇ કાળે સુરક્ષિત ન જ મણાય. આજનો જમાનો

બુદ્ધિ, કળા, વ્યવસ્થાશક્તિ, કાર્યકુશળતા અને કમાણી કરવાની શક્તિ, એ બધું કેળવવાનો છે. આ બધું સહેજસાજ ચારિત્ર્યને ભોગે થતું હોય તો કોઇને ઝાઝું માઠું લાગે છે એમ જણાતું નથી. સમાજની નૈતિક ભૂમિકા ચઢાવવી શક્ય છે અથવા ચઢાવવાની જરૂર છે એ વિષેનો આગ્રહ બહુ મોળો પડ્યો છે. 'નીતિનો આગ્રહ રાખવાથી કંઇ વળતું નથી, ઉલટી કૃત્રિમતા વધે છે, માટે વાતાવરણ ઉપર જ આધાર રાખવો,' એમ કહેવાની ફેશન પડી છે. અને એ કથન અક્ષરેઅક્ષર સાચું પણ છે. કેમકે નીતિના યાંત્રિક આગ્રહથી કશું જ વળતું નથી. પણ જે વાતાવરણ ઉપર આધાર રાખવાની ભલામણ કરવામાં આવે છે તે વાતાવરણ ઉત્પન્ન કરવાની કે ટકાવવાની ધગશ જવલ્લે દેખાય છે. નીતિમાં પ્રગતિ કરવાના પંથ ઉપર આપણે થાકીને બેઠા હોઇએ એમ લાગે છે. પણ નીતિનો પંથ એ સ્થળમાર્ગ નથી પણ જળમાર્ગ છે. અને એ માર્ગે ઉપરઉપર જવાનું છે. થાક ખાવા હલેસાં થોભાવ્યાં કે માર્યા ગયા. પ્રવાહ વહાણને ખબર ન પડે એવી રીતે અધોમાર્ગે લઇ જવાનો. જ્યાં સદાચાર યાંત્રિક નિયમબદ્ધ થયો નથી, અસંખ્ય વિધિઓ અને નિત્યઉપદેશની આર ભોંકીભોંકીને તે જાગ્રત રાખવામાં આવતો નથી, પણ જીવનના ઉત્સાહથી પ્રસન્નતાપૂર્વક આગળ વધવાના પ્રયત્ન ચાલે છે ત્યાં જ બધા અખતરાઓ સફળ થવાના. આપણે આત્મિક શક્તિનો વિચાર કર્યા વગર મોટી સંસ્થાઓ કાઢીએ છીએ અને સદાચારનો આદર્શ વધારવા વિષે મોળા રહીએ છીએ; તેટલું જો છોડી દઇએ તો જ સહશિક્ષણ સહજીવનના અખતરાઓ કરવાની આશા રાખીએ.

કેટલીક સંસ્થાઓના ચાલકો પાંચપચાસ સંસ્થાનાં નિવેદનપત્રકો ભેગાં કરી તેમાંના અભ્યાસક્રમો, આદર્શો, અને વ્યવસ્થાની ખૂબીઓ એકત્ર કરે છે; અને અમારે ત્યાં આટલું આટલું કરવાનો આગ્રહ રાખવાના છીએ, પ્રયત્ન કરીએ છીએ એમ ઠોકી દે છે. નિવેદનમાં આવો આગ્રહ રાખ્યાથી તે જીવનમાં એની મેળે ઉતરશે એવી ખાતરી એ લોકોને ક્યાંથી મળે છે કોણ જાણે? સમાજની મદદથી ચાલનાર છાત્રાલયો સમાજની દેખરેખ સ્વીકારે એ ઇષ્ટ

છે. પણ એને પરિણામે જો વ્યવસ્થાપકો સમાજ ઉપર છાપ પાડવા માટે જ બધો પ્રયત્ન કરતા હોય તો તેમાંથી કશું સારૂં નીકળવાનું નથી. દેખરેખ કરનાર સમાજે પોતે સાચી દૃષ્ટિ ક્યાં કેળવેલી હોય છે?

શાળાઓમાં અને છાત્રાલયોમાં મળીને ચોવીસે કલાક માટે છોકરાઓ આવી ગયા એટલે આચાર્યો, ગૃહપતિઓ અને વ્યવસ્થાપકોને લોભ છૂટે છે કે જાતજાતની વસ્તુઓ છોકરાઓ પાસેથી કરાવીશું. એમ કરતાં નવા વિષયો, નવી પ્રવૃત્તિઓ ઉમેરાતી જાય છે, અને જૂનું કશું છોડવાની હિંમત ચાલતી નથી. પછી મુંબઇની ચાલોમાં જેમ મધ્યમ સ્થિતિના લોકો નાનકડા ઘોલકામાં આખો ઘરસંસાર ખડકે છે તેમ ચોવીસ કલાકમાં બધી વસ્તુઓ ખડકી દેવામાં આવે છે. આને પરિણામે એકે કામ વ્યવસ્થિત નથી થતું, અને એકે સંસ્કાર ધીરજપૂર્વક મગજમાં ઉતારવામાં નથી આવતો. જીવનમાં અમુક મોકળાશ તો હોવી જ જોઇએ. મગજમાં પણ મોકળાશ જોઇએ છે. વિદ્યાર્થીઓ પાસે જેમ કેટલાંક માબાપો હાથખર્ચના પૈસા રાખે છે તેમ હાથખર્ચનો વખત પણ હોવો જોઇએ. માત્ર એનો ઉપયોગ શી રીતે કરવો એની વિદ્યાર્થીને અનેક જાતની સૂઝ આપેલી હોય; એને વ્યવસ્થિત ટેવો પાડેલી હોય. જે છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ એદી થઇને વખત બગાડે છે ત્યાં દોષ નવરાશનો નથી, પણ નવરાશ વાપરવાની કળા અને ટેવો વિદ્યાર્થીઓને આપેલી નથી હોતી એનો છે.

છોકરાઓ પાસેથી કરાવવાની ભલે ઘણી વસ્તુઓ હોય, પણ દરેક સત્રમાં અમુક વસ્તુ કરતાં વધારે કરાવવું નથી એ જાતનો આગ્રહ ગૃહપતિએ રાખવો જ જોઇએ. કોઇ પણ દિવસ અસંખ્ય વસ્તુઓના ખીચડાથી બગાડવો ન ઘટે.

વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ જેમ પરિમિત હોવી જોઇએ તેમ ગૃહપતિની અને શિક્ષકોની જવાબદારી પણ કાંઇક અંશે પરિમિત હોવી જોઇએ. એમને માથે ઘણી વસ્તુઓ નાંખવાથી ઘણું કામ થાય છે એ વિચાર ખોટો છે. જે ગૃહપતિ નાંખો એટલું કામ માથે લેવા તૈયાર હોય છે તે આળસુ અને અવ્યવસ્થિત અથવા

મોળો છે એ વિષે શંકા રાખવાનું કારણ નથી. જેમ ગૃહપતિનું કાર્ય પરિમિત હોવું જોઇએ તેમ એનું કાર્યક્ષેત્ર પણ પરિમિત રાખવું ઘટે છે. કેટલાક ગૃહપતિઓ વિદ્યાર્થીઓ મારફતે એમના ઘરના સવાલોમાં પણ રસ લે છે, સલાહ આપે છે, અને એ રીતે સમાજની મૂંગી અને કીમતી સેવા કરે છે. છાત્રાલયનો ઉદ્દેશ પણ અંતે સમાજની સંસ્કારિતા વધારવી એ જ છે. છતાં આ જાતના પગપેસારાને મર્યાદા હોય એ જ સારૂં. નહિ તો અતિલોભ કરવા જતાં છાત્રાલયના વાતાવરણમાં જે તટસ્થતા જોઇએ છે તે નષ્ટ થવાની અને ગામડામાં હોય છે તેવી ખટપટ શરૂ થવાની. એના કરતાં અમુક અમુક પ્રસંગે છાત્રાલયના ગૃહપતિઓ વિદ્યાર્થીઓને લઇને સમાજસેવામાં ઉતરે એ વધારે ઇષ્ટ છે. વિદ્યાનું, ઉદ્યોગનું અને નિયમિતતાનું વાતાવરણ ન બગડે એટલું સાચવીને સમાજસેવાના જેટલા પ્રસંગો મળે તે બધાનો લાભ લેવો જોઇએ; અને અસાધારણ પ્રસંગે વેદિયા ન રહેતાં બધું જતું કરીને પણ સેવામાં ઝંપલાવવું જોઇએ. કટોકટીને પ્રસંગે સેવા કરવાની તક મળે એના કરતાં શ્રેષ્ઠ કેળવણી દુનિયામાં છે જ નહિ. રાજદ્વારી હીલચાલની બાબતમાં પણ એ જ નિયમ લાગુ પડે છે. પક્ષાપક્ષીની હીલચાલમાં છાત્રાલયો અને વિદ્યાલયો તટસ્થ રહે, પણ રાષ્ટ્રીય ઉત્થાનના પ્રસંગોએ એમણે હીલચાલને મોખરે રહેવું જોઇએ.

શાળા ઉપરાત છાત્રાલયમાં પણ બુદ્ધિનું વાતાવરણ હોવું જોઇએ; પણ તે પંડિતાઇનું નહિ, બહુશ્રુતતાનું. કાવ્યશ્રવણ, પુરાણશ્રવણ, ચરિત્રકીર્તન, પ્રવાસવર્ણન, હાસ્યવિનોદ, બધી વસ્તુઓને નવરાશના વખતમાં થોડુંથોડું સ્થાન હોવું જોઇએ. વિદ્યાર્થીઓને જેમ સારાંસારાં સ્થળો અને તીર્થો જોવા લઈ જઇએ છીએ તેમ જંગમ તીર્થો એટલે કે સત્પુરુષો, પ્રખ્યાત પુરુષોની મુલાકાતે લઇ જવા જોઇએ. પ્રજાના પુરુષાર્થના પ્રતીકરૂપ જે કારખાનાં, ઇમારતો, પૂલો, નહેરો વગેરે આસપાસ હોય તેની મુલાકાતે પણ જવું જોઇએ. અને તે માહિતી ભેગી કરવાના વાણિયાશાઈ લાભ માટે નહિ, પણ મહત્ત્વાકાંક્ષા જાગૃત કરવા અને માનવી પુરુષાર્થનું દર્શન કરવા. વિદ્યાર્થીઓ સાથેના

ગૃહપતિઓ જો નિરુત્સાહી, ભૂખડા અથવા અલ્પસંતોષી હોય તો આવી મુલાકાતમાંથી પૂરતો લાભ નથી મળતો. ગૃહપતિઓમાં ચારિત્રતેજ, બુદ્ધિતેજ અને કર્મયોગ હોય તો જ તેમનું વાતાવરણ પ્રેરણાપ્રદ થઈ શકે છે.

અને તેથી જ ગૃહપતિ અને શિક્ષકનાં કાર્યક્ષેત્ર ભિન્નભિન્ન હોવા છતાં બન્નેનો ઉપરી એક જ હોવો જોઇએ. આમ કહેતાં એક મહત્ત્વના સવાલ ઉપર હું આવું છું. ગુજરાતમાં છાત્રાલયો તો ઘણાં છે, પણ પ્રમાણમાં કેળવણીની સ્વતંત્ર વ્યવસ્થાવાળાં છાત્રાલયો બહુ ઓછાં છે. મને તો એ સ્થિતિ દયાજનક લાગે છે. નાણાંની બધી સગવડ હોય, વિદ્યાર્થીઓ હોય, સમાજની સહાનુભૂતિ હોય, છતાં કેળવણીની બાબતમાં પરતંત્ર રહેવું પડે એ દુર્બળ મનોદશા સૂચવે છે. મોટો આપભોગ વેઠીને બહુ જ ચીવટપૂવર્ક આપણે વિદ્યાર્થીઓને સાચવતા હોઇએ અને ભણવાને માટે જ્યાંના સંસ્કારો ઉપર આપણો કાબુ નથી એવી શાળાઓમાં મોકલી દઇએ, એ આપણા પુરુષાર્થને છાજતું નથી. અસહકારની દૃષ્ટિએ નથી કહેતો, પણ સંસ્કારો અને કેળવણીની દૃષ્ટિએ જ કહું છું કે કેળવણીની બાબતમાં આપણે સરકાર ઉપર આટલા બધા અવલંબીને રહીએ છીએ એ આપણી જાગૃતિ સૂચવતું નથી.

કેટલાંયે છાત્રાલયો પાસે પોતપોતાની નિશાળો કાઢવા અને ચલાવવા જેટલા પૈસા હશે. તેઓ જો છાત્રાલયનું અને શાળાનું વાતાવરણ એક રહી શકે એવી કેળવણી આપવા માંડશે તો તેમની મહેનત ઉગી નીકળશે.

છાત્રાલયના આ વાતાવરણમાં મુખ્ય સ્થાન હું જાતમહેનતને આપું. છાત્રાલય સાથે રસોઇયાઓ, નોકરો, કોઠારીઓ, ગૌશાળા વગેરેનો પ્રશ્ન હમેશાં મહત્ત્વનો હોય છે. આ આવશ્યક અને ગરીબ સેવકવર્ગને આપણે હજી કેળવી શક્યા નથી એ બહુ દુઃખની વાત છે. આપણે એમના પર અવલંબીને રહીએ છીએ, એમના વગર એક દિવસ પણ ચલાવવું મુશ્કેલ છે, છતાં એમની પાસેથી આપણે ઇચ્છીએ તેવી સેવા લઇ શકતા નથી. જ્યાં સુધી આપણા ગૃહ-

પતિઓ અને છાત્રો જાતમહેનતનું તત્ત્વ પૂરેપૂરૂં સમજે નહિ ત્યાં સુધી નોકરોની પરિસ્થિતિનું અને એમની અજ્ઞાન દશાનું ભાન આપણને થવાનું નથી. વિદ્યાની અને સંસ્કારની કેળવણી માટે અમુક વખત કાઢવો અપરિહાર્ય છે, તેથી વિદ્યાર્થીઓ પાસે નવરાશનો વખત બહુ થોડો રહે છે એ ખરૂં. છતાં જાતમહેનતને જેટલો વખત આપી શકાય તેટલો આપવા તરફ આપણું લક્ષ હોવું જોઇએ. વિદ્યાર્થીઓ વખત ફાજલ પાડી શકતા હોય ત્યારે નોકરોને નવરા રાખીને પણ તેમને જાતમહેનતનો અનુભવ લેવાને ઉત્તેજન આપવું જોઇએ. આમ કર્યા પછીજ સંસ્થા સાથે જોડાયેલા નોકરોને કંઇક કેળવણી આપી શકાય. શિક્ષણસંસ્થામાં કામ કરનાર નોકરો હમેશ અશિક્ષિત રહે અને એમને કેળવવાની જવાબદારી આપણને ન જણાય, એ સારૂં નથી.

છાત્રાલયના વાતાવરણમાંથી બીક, લાલચ, હરીફાઇ, ઈનામો અને સજાઓ જેમ બને તેમ જલદી કાઢી નાંખવાં જોઇએ. ત્યાં તો ફક્ત જિજ્ઞાસા, સેવા અને સહકારનું જ વાતાવરણ હોય. ધાર્મિક કળા અને ઉચ્ચ રસિકતા માટે તહેવારો છે જ. દરેક જીવનસંસ્થાના વાતાવરણમાં પંચમહાયજ્ઞને સ્થાન હોવું જોઇએ. આ પાંચ યજ્ઞો માનવસંસ્કૃતિના વિકાસના દ્યોતક છે. વિદ્યાર્થી પ્રથમ જલાશયશુદ્ધિ કરી એની પૂજા કરે. નદી, તળાવ, કુવામાંથી કાદવ કાઢી આસપાસ બધું સાફ રાખે. આ પહેલો યજ્ઞ થયો. બીજો મહાયજ્ઞ તે વૃક્ષવનસ્પતિની સેવા. ફળઝાડ, ફૂલઝાડ વગેરેનાં મૂળમાં જમીન પોચી કરી, ખાતર નાખી, તેને પાણી પાવું. ત્રીજો યજ્ઞ જેમની સેવા પર આપણે હમેશ નિર્ભર છીએ એવાં ગ્રામ્ય પશુઓની સેવા. કૃતજ્ઞતાપૂર્વક ગાયબળદ વગેરે પશુઓને ખવડાવીએ, તેમને ખરેરો કરી નવડાવીએ, ચાંચડમચ્છર સામે એમનું રક્ષણ કરીએ, વગેરે વસ્તુઓ પણ એક મહાયજ્ઞ છે. ચોથો યજ્ઞ તે હાથે કાંતી કપડાં વણી લેવાં તે. સુતારીનો સમાવેશ પણ એમાં જ કરાય. તર્કુ અને તક્ષ (ત્રાક અને ફરશી) એ આ યજ્ઞનાં સાધનો છે. પાંચમો મહાયજ્ઞ તે સ્વાધ્યાય. શુભ સંસ્કારો આપી સંસ્કૃતિને જાગૃત રાખનાર સદ્ગ્રંથોનું વાચન અને મનન તે સ્વાધ્યાય. આ પંચમહાયજ્ઞ જ્યાં ચાલતા હોય ત્યાં

ની થવાની. એવી કેળવણી દેશમાં દાખલ
ાધનરૂપ થાઓ એ જ આપણે પરમાત્મા

મિત્રો, છાત્રાલયને લગતા અને આજે વિચાર કરવાજેવા વિષયો આપણે ચર્ચ્યા. આપણે જોયું કે છાત્રાલયની સંસ્થા એ કુટુંબસંસ્થા જેટલી જ મહત્ત્વની છે. જ્યાં સુધી કેળવણી આજની ઢબે અપાય છે ત્યાં સુધી છાત્રાલયો આપણને ગમે કે ન ગમે, અપરિહાર્ય સમજી એમને વધાવ્યે જ છૂટકો. માત્ર હમેશ છાત્રાલયોને કુટુંબ સાથે સરખાવી આપણે કઈ કઈ બાબતમાં કુટુંબ કરતાં ઉતરતા છીએ તે તપાસતા રહીએ. ઓછામાં ઓછું કુટુંબ જેટલું વાતાવરણ આપણે રાખતાં શીખવું જ જોઇએ. આપણે જો ધ્યેયવાદી હોઇએ, ભવિષ્યને માટે નવી સૃષ્ટિ નિર્માણ કરવા માગતા હોઇએ, કુટુંબો કરતાં વ્યાપક આધ્યાત્મિક અને ચિરસ્થાયી સંસ્થા ઉભી કરવા માગતા હોઇએ તો આપણે આશ્રમના આદર્શની સંસ્થાઓ ખીલવવી ઘટે છે. એનો આદર્શ કુટુંબ જેવો ન હોય એ ખરૂં, પણ કુટુંબ કરતાં ઉતરતો ન જ હોય. આ દષ્ટિએ વિચાર કરતાં કુટુંબધર્મ, સમાજધર્મ, વિકાસધર્મ અને મોક્ષધર્મ બધાને આધારરૂપ એવી સંસ્થા આપણે ખીલવવાના છીએ એનું યથાર્થ ભાન જો આપણને હોય તો ધર્મસૂત્રકારોની દીર્ઘદૃષ્ટિ આપણે કેળવવા મથીશું અને સંસ્કૃતિના સંસ્થાપકોની ધીરજથી આપણે અખતરાઓ કરીશું. લાખો વરસના પ્રયોગને અંતે જો કુટુંબો, ન્યાતો અને સમાજ બંધાયાં હોય તો આશ્રમો બાંધવાના આદર્શ પાછળ અનેક પેઢીઓની ધીરજ વાપરવી પડે તેમાં અસ્વસ્થ કે નિરાશ થવા જેવું કશું નથી.

છાત્રાલયો અને આશ્રમો જો તાત્કાળિક ગરજ પૂરી પાડનાર ક્ષણજીવી સંસ્થાઓ ન હોય, જીવનવ્યાપી સંસ્થાઓ હોય તો આજે જેમ એકલા પુરુષો જ એ ચલાવે છે, પુરુષો જ એની કલ્પના બાંધે છે અને એને દોરે છે તેમ ન થવું જોઇએ. આશ્રમો સ્થાપવા માટે પણ આપણે હૃદયધર્મી બહેનોને જ શરણ જવું પડશે. પુરુષો કરતાં સ્ત્રીઓમાં વિવાહધર્મ, કુટુંબધર્મ વધારે સિદ્ધ

થયો છે. કુટુંબધર્મનો આધાર સ્ત્રીઓ છે
કારણે કુટુંબધર્મથી ભિન્ન એવાં છાત્રાલયો અને
રીતે સ્ત્રીઓને રુચતાં નથી. એ સ્થિતિ જ્ય
પુરુષોએ જ આ વ્યાપક સંસ્થાઓ ખીલવવી પ... ...
ચીલો સહેજે ન છોડી શકે. પણ જ્યારે સાચેસાચ છોડશે — અને તે પણ કુટુંબ કરતાં ઉતરતી અકુદરતી સ્થિતિ ભોગવવા માટે નહિ પણ કુટુંબો કરતાં વિશાળ વ્યાપક જીવન આ દુનિયામાં પ્રસ્થાપિત કરવા માટે — ત્યારે તેઓ જ સમાજનાં આગેવાનો થશે. કુટુંબ-ધર્મમાં વિગ્રહને સ્થાન છે. આશ્રમધર્મનો પાયો સંયમ, સંતોષ અને આત્મસમર્પણ ઉપર જ રચી શકાય. એ ગુણો કેળવવાની વિશેષ શક્તિ સ્ત્રીઓની જ છે. માટે ભવિષ્યકાળ તેમનો જ છે. સ્ત્રીઓને તે કાર્ય માટે તૈયાર થતાં હજી વાર છે. ત્યાં સુધીનું પ્રાથમિક કાર્ય કરવાનું આપણે માથે છે. આપણી જવાબદારી ઓળખી વિચારપૂર્વક આપણે તે દિશામાં પ્રયત્ન કરીએ. મનુષ્ય-પ્રગતિનું એક મોટામાં મોટું પગથિયું આપણે હાથે ચણાવાનું છે એ ભાન જો આપણે રાખીશું તો આજે જે નાલાયક દશામાં રહીએ છીએ તેમાંથી નીકળી જવાનો આપણે અસાધારણ પ્રયત્ન કરીશું. માનવી પ્રગતિનો તારો કઇ દિશામાં છે એ આપણે જોઇ લઇએ અને એ મંગળ બિંદુ તરફ અવિચળ દૃષ્ટિ રાખી ધીરજ, ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ કરીએ. આપણાં હૃદયોને દોરનાર નારાયણ આપણને સહાય થાઓ.

वंदे मातरम्